આજે મુખ્યમંત્રીના હસ્તે વટેશ્વર વનનું લોકાર્પણ

૭૩મો રાજ્યકક્ષાનો વન મહોત્સવ : રાજ્યમાં નિર્માણ પામેલા વનોની શ્રૃંખલામાં ૨૨માં સાંસ્કૃતિક વન તરીકે ''વટેશ્વર વન''નો ઉમેરો : વટેશ્વર સાંસ્કૃતિક વન પ્રવાસીઓ માટે મુલાકાતનું સ્થળ બનશે

ગાંધીનગર, તા.૧૧

આજે તા. ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો ૭૩મો વન મહોત્સવ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી રાજ્યના ૨૨માં સાંસ્કૃતિક વન ''વટેશ્વર વન''નું લોકાર્પણ કરી ખુલ્લુ મુકશે. ૭૩માં વન મહોત્સવ અંતર્ગત રાજ્યમાં કુલ ૧૦.૩૫ કરોડ રોપાઓનું વિતરણ કરવામાં આવશે.

રાજ્યમાં વૃક્ષ આવરણ તથા જૈવિક વિવિધતામાં વધારો કરવાના પ્રયાસ રૂપે દેશના વડાપ્રધાન મોદીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વર્ષ-૨૦૦૪થી વન મહોત્સવ દરમ્યાન સાંસ્કૃતિક વનોની સ્થાપનાની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ શ્રૃંખલામાં છેલ્લાં ૧૮ વર્ષમાં કુલ ૨૧ સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં અત્યાર સુધી પુનિત વન-ગાધીનગર, માંગલ્ય વન-બનાસકાંઠા, તીર્થંકર વન-મહેસાણા, હરિહર વન-ગીરસોમનાથ, ભક્તિ વન-સુરેન્દ્રનગર, શ્યામલ વન-અરવલ્લી, પાવક વન-ભાવનગર, વિરાસત વન-પંચમહાલ, ગોવિંદ ગુરૂ સ્મૃતિ વન-મહીસાગર, નાગેશ વન-દેવભૂમિ દ્વારકા, શક્તિ વન-રાજકોટ, જાનકી વન-નવસારી, આમ્ર વન-વલસાડ, એકતા વન-સુરત, શહીદ વન-જામનગર તથા મહીસાગર વન-આણંદ, વીરાજંલી વન-સાબરકાંઠા, રક્ષક વન-કચ્છ, જડેશ્વર વન-અમદાવાદ, રામવન-રાજકોટ, મારુતિ નંદન વન-વલસાડ એમ ૨૧ વન બનાવાયા છે. સુરેન્દ્રનગર જિલ્લાના દુધરેજ ખાતે બનેલું આ ''વટેશ્વર વન'' રાજ્યનું ૨૨મું વન હશે. આ વન પ્રકૃતિ પ્રેમીઓ, વન વિહાર કરનારાઓ, મુલાકાતીઓ-પ્રવાસીઓ માટે અનન્ય વિરાસત પુરવાર થશે.

મુખ્યમંત્રી નિવાસસ્થાને રક્ષાબંધનની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી હતી. રાજ્યભરમાંથી મહિલાઓ રાખડી લઈને મુખ્યમંત્રી નિવાસ પહોંચી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રાખડી બાંધી સૌ બહેનોએ તેમના સુદીર્ઘ આયુષ્ય માટે અને ગુજરાતના અવિરત વિકાસ માટે પ્રાર્થના કરી હતી.

માણસાના ઈટાદરાનું દંપત્તિ સ્વાઈન ફ્લુમાં સપડાતાં હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના પગ પેસારા પછી તે જે રીતે વિસ્તરી રહ્યો છે તેથી તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે કેસ સ્વાઈન ફ્લુના નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૮ પર પહોંચી છે. દહેગામ-કલોલ બાદ હવે સ્વાઈન ફ્લુએ આજે માણસામાં દેખા દીધી છે. માણસા તાલુકાના ઈટાદરા ગામે એક દંપત્તિ સ્વાઈન ફ્લુની ઝપેટમાં આવ્યુ છે.

આ યુવા દંપત્તિને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. દંપત્તિની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ દંપત્તિ કેવી રીતે સપડાયુ તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી છે. સ્વાઈન ફ્લુ શ્વાસથી ફેલાતો ચેપી રોગ હોવાથી સૌને ફરજીયાત માસ્ક પહેરવા તંત્રએ અપીલ કરી જણાવ્યુ છે કે સાવચેતી અને સતર્કતા એ પ્રથમ ઈલાજ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૮ કેસ પૈકી બે દર્દીને રજા આપવામાં આવી છે. જ્યારે છ દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ગાંધીનગર શહેરમાં આજે સ્વાઈન ફ્લુનો એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં સ્વાઈન ફ્લુના ૪ કેસ નોંધાયા છે. જે પૈકી બે હોસ્પિટલમાં તો બે દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

ભાવિના પટેલ અને સોનલ પટેલનો પરિવાર થયો ભાવુક

મહિલા બેડમિન્ટનની સિંગલ્સ ફાઇનલમાં પીવી સિંધુએ ગોલ્ડ મેડલ જીતી ભારતને ગેમ્સના ઇતિહાસનો ૨૦૦મો મેડલ અપાવ્યો હતો

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ એરપોર્ટ પર દિલ્હીની એર ઈન્ડિયાની ફલાઈટ લેન્ડ થતા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ 'ભારત માતા કી જય'ના નારા સાથે ગુજી ઉઠ્યું હતું. આ નરા બીજા કોઈ માટે નહિ પરંતુ ગુજરાતની બે દીકરીઓ માટે લગાવવામાં આવ્યા હતા. કોમન વેલ્થ ગેમ્સ માં ગુજરાતની ભાવિના પટેલે પેરા ટેબલ ટેનિસમાં ગોલ્ડ મેડલ, જ્યારે સોનલ પટેલે બ્રોન્ઝ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે. ભાવિના પટેલે પેરા ટેબલ ટેનિસમાં ફાઇનલમાં નાઇજિરિયાના ખેલાડીને ૩-૦થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે સોનલ પણ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં પેરા ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. એરપોર્ટ પર પરિવાર, મિત્રો અને કોચ તથા ગુજરાત પેરા એસોસિએશનના તમામ લોકોએ બંનેનું ફૂલહાર અને 'જય હો' નારા સાથે સ્વાગત કર્યું હતું. આ અંગે ભાવિના પટેલની માતા નિરંજના પટેલે જણાવ્યું કે અમારા માટે આ ઉત્સવ જેવો દિવસ છે. આજે અમને ગર્વ છે ભાવિના અમારી દીકરી છે. જેને પોતાની ખામી ને ખૂબી બનાવી છે. આ અંગે ભાવિના પટેલના પિતા હસમુખ પટેલે પણ ભાવિનાની જીત માટે ખુશી વ્યક્ત કરી હતી. બીજી તરફ ભારત માટે બ્રોન્ઝ જીતીને લાવનાર સોનલ પટેલના માતાપિતા લાભુબેન પટેલ અને મનુભાઈ પટેલે પણ જણાવ્યું હતું, અમારી દીકરી વિદેશની ધરતી પર ભારતનું નામ રોશન કરશે એવું અમે ક્યારેય ધાર્યું પણ નહોતું. આ સવાલના જવાબમાં ભાવિના પટેલે જણાવ્યું કે, ટોક્યોમાં જીત બાદ સ્વમાનભેર દરેક પેરા ખેલાડીને સન્માન મળતું થયું છે. સૌથી મહત્વની વાત કે ગુજરાત સરકારને મેં જે જે બદલાવ જણાવ્યા કે તે તે બદલાવ સાથે પોઝિટિવ માહોલ ઊભો થયો છે. ગુજરાત સરકારને સજેશન આપ્યા બાદ ખરેખર એ વાતો પર કામ થયું છે અને અમારી હિંમત વધી છે.આ એ લોકો માટે કહું છું જેમને ગુજરાતનું અપમાન કર્યું છે અને કહ્યું છે કે ગુજરાતને કોઈ મેડલ નથી મળ્યો. ગુજરાતનું નામ આપીને મેડલની વાત કરવાવાળા માટે મારા ગળાનો મેડલ કાફી છે.

જિલ્લામાં બે મામલતદાર બદલાયા

કલોલ ગ્રામ્યમાં મામલતદારની જગ્યા ભરાઈ કલોલ સીટી મામલતદારની બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના મહેસુલીતંત્રમાં ગઈકાલથી હાથ ધરાયેલ બદલી અને ફેરફારોની ઝુંબેશ આજે પણ ચાલુ રહી હતી. આજે સાંજે રાજ્યના મહેસુલ વિભાગે ૮૮ મામલતદારોની બદલીના હુકમો કર્યા છે અને ૫૧ નાયબ મામલતદારોને બઢતી આપવામાં આવી છે.

રાજ્યના મહેસુલ વિભાગે આજે કરેલા હુકમમાં ગાંધીનગર જિલ્લાના બે મામલતદારોની બદલી અને એકની નિમણુંક કરવામાં આવી છે. કલોલ સીટીના મામલતદાર ઠાકોરની બદલી કરવામાં આવી છે જ્યારે કલોલ ગ્રામ્યની મામલતદારની ખાલી જગ્યા પર આર.બી. વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે. વાઘેલા અમદાવાદમાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા હતા અને તેમને બઢતી આપી મામલતદાર કલોલ ગ્રામ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કલોલ સીટી મામલતદારની જગ્યા ખાલી રહી છે.

ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં ફરજો બજાવતા રોનક કપુરની બદલી ચૂંટણીપંચમાં મામલતદારની જગ્યા પર કરવામાં આવી છે.

કપૂર અને ઠાકોર તાજેતરમાં જ નિમણુંક પામ્યા હતા પરંતુ તેમની બદલી થતાં જિલ્લાના મહેસુલી કર્મચારીઓમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

નાયબ મ્યુનિ. કમિશનર તરીકે ગુણવંતસિંહ સોલંકી અને ગ્રામ વિકાસ એજન્સીના નિયામક તરીકે બી.કે. પટેલ નિમાયા

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારે ગઈકાલે એડીશનલ કલેક્ટર સંવર્ગની બદલીના કરેલા હુકમોમાં ગાંધીનગર મનપામાં નાયબ મ્યુનિ. કમિશનરની જગ્યા તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની બદલી અને નિમણુંકના હુકમનો સમાવેશ થાય છે.

નાયબ મ્યુનિ. કમિશનર તરીકે અમદાવાદના નાયબ મ્યુનિ. કમિશનર તરીકે ફરજો બજાવતા જી.એચ. સોલંકીને નિમણુંક આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી ડી.જે. દેસાઈની નાગરિક પુરવઠા નિગમમાં બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને નર્મદા જિલ્લામાં પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટર તરીકે ફરજો બજાવતા બી.કે. પટેલને નિયુક્ત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર સુશ્રી ડૉ. પારૂલ માનસેતાની બદલી થતાં ખાલી પડેલી જગ્યા પર એડીશનલ કલેક્ટર કક્ષાના અધિકારી જી.એચ. સોલંકીનું નિયુક્તી કરવામાં આવી છે. ગાંધીનગર શહેરની હદમાં થયેલા વધારા સાથે કાર્યભારણ વધતાં મનપામાં બે એડીશનલ કલેક્ટર સંવર્ગના નાયબ મ્યુનિ. કમિશનરોની નિયુક્તી સરકારે કરી છે. મનપામાં મદદનીશ કમિશનરોની નિમણુંકો આગામી દિવસોમાં થશે તેમ મનાઈ રહ્યુ છે. આ અંગે મનપાએ તેનુ નવુ મહેકમ મંજૂર કરી અને સરકારને મોકલી આપ્યુ છે તે ઉલ્લેખનીય છે.

બાળકીએ અઠવાડિયાની લાંબી સારવાર બાદ અંતે દમ તોડ્યો

બાળકીને જમીનમાં માતા-પિતા દ્વારા દાટી દેવામાં આવી હતી અને મળી ત્યારથી જ સ્થિતિ ઘણી જ ગંભીર હતી

અમદાવાદ,તા.૧૧

સાબરકાંઠામાં જમીનમાં જીવતી બાળકીને દાટી દેવાની જે ઘટના બની હતી જે નવજાત બાળકીની લગભગ ૯ દિવસથી સારવાર ચાલી રહી હતી તેનો જીવ બચાવી શકાયો નથી. આ બાળકીની એક્સપર્ટ ટીમ દ્વારા હિંમતનગર સિવિલમાં સારવાર કરવામાં આવી રહી હતી. તેની સ્થિતિમાં સુધાર આવ્યો હોવાની વિગતો મળ્યા બાદ આજે તેનું મોત થઈ ગયું છે. ગાંભોઈ ગામના ખેતરમાં દાટેલી જે બાળકી મળી આવી હતી. તેની હાલત પહેલાથી જ નાજુક હતી અને તેની એક જ કિડની હોવાનું પણ ડૉક્ટરની તપાસમાં બહાર આવ્યું હતું. બાળકીને જીવતી જમીનમાં દાટવાનું કૃત્ય કરનારા કળિયુગી માતા-પિતા જ હોવાનું તપાસમાં બહાર આવ્યા બાદ પોલીસે તેમની ધરપકડ કરામાં આવી હતી. આરોપી માતા-પિતા સામે હવે હત્યાનો ગુનો પણ લાગશે અને કેસની વધુ જરુરી તપાસ કરવામાં આવશે. ૯ દિવસ સારવાર હેઠળ રહી નવજાત બાળકી બાળકી ખેતરમાં દાટેલી હતી અને તેને બહાર કાઢ્યા પછી હિંમતનગર સિવિલના NICU વિભાગમાં વેન્ટીલેટર પર રાખવામાં આવી હતી, કૃત્રિમ શ્વાસોચ્છવાસ સહિતની સારવારની સુવિધા બાળકીને આપવામાં આવી હતી. વડનગરથી બાળકોના ડોક્ટરની સ્પેશિયલ ટીમ પણ બાળકીની સારવાર કરવા માટે બોલાવવામાં આવી હતી. ૯ દિવસથી આ બાળકીની સારવાર કરીને ડૉક્ટરોની ટીમે ખડેપગે રહીને તેનો જીવ બચાવવા તમામ પ્રયાસો કર્યા હતા પરંતુ આખરે બાળકીએ દમ તોડી દીધો છે.

આઈટીસી હોટેલ્સે આઈટીસી નર્મદાની સાથે ગુજરાતમાં ૧૨મી પ્રોપર્ટીનું ઉદ્ઘાટન કર્યું

અમદાવાદમાં વૈભવી આતિથ્ય સત્કારનો અનુભવ લાવવા માટે આઈટીસી લિમિટેડે ભારતના પ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદમાં પ્રીમિયમ લક્ઝરી હોટલ આઈટીસી નર્મદાના ઉદ્ઘાટનની જાહેરાત કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરના કેન્દ્રમાં આવેલી આ અદ્ભૂત પ્રોપર્ટીનું ઉદ્ઘાટન કર્યું હતું. આઈટીસી નર્મદા એ ગુજરાતની પ્રથમ LEED પ્લેટિનમથી પ્રમાણિત હોટલ છે અને તે ભારતમાં આઈટીસી હોટલના વૈભવી કલેક્શનની ૧૫મી હોટલ છે. આઈટીસી નર્મદા એ ગુજરાત રાજ્યમાં આઈટીસી હોટેલ્સની ૧૨મી પ્રોપર્ટી છે. શહેરના ધમધમતા વ્યાવસાયિક ક્ષેત્રમાં અત્યંત અનુકૂળ સ્થળે આવેલ આ હોટલ ૨૯૧ રૂમ, ૧૯ માળ અને ૭૦ મીટરનું ભવ્ય માળખું ધરાવે છે. જે સ્વદેશી ભવ્યતા અને સમકાલીન રચનાની સાથે અમદાવાદના આકાશને આંબતી એક સ્થાપત્યકીય અજાયબી છે. આ હોટલ તેના પ્રીમિયમ ઓફરિંગ દ્વારા ગુજરાતની ભાવના અને તેના લોકોના અદમ્ય ઉત્સાહને બિરદાવે છે. જેમ કે વિશાળ વૈભવી રૂમો, ૫ સિગ્નેચર ક્લિનરી બ્રાન્ડસ, સંમેલન માટેની જગ્યા અને કાયાકલ્પ સ્પા. આ વિશાળ સંપત્તિ પુરસ્કાર વિજેતા બ્રાન્ડ વિશ્વવિખ્યાત પેશાવરી સહિતની અત્યંત સ્વાદિષ્ટ અને અદ્ભૂત વાનગીઓ મારફતે આ પ્રદેશની પરંપરાનું પ્રતીક બની રહી છે. જે કેટલીક ચૂંટેલી વાનગીઓ દ્વારા ઉત્તર-પશ્ચિમ સીમાડાની પાકકળાના સ્વાદનો એક અદ્ભૂત અનુભવ પૂરો પાડે છે. આઈટીસી નર્મદામાં રોયલ વેગા પણ હશે, જે ભારતના વૈભવી શાકાહારી ભોજનનું અનોખું સંમિશ્રણ પુરૂં પાડશે. વિશ્વવિખ્યાત અડાલજની વાવથી પ્રેરિત થઈને તૈયાર કરવામાં આવેલ સમગ્ર દિવસ દરમિયાન સેવારત રહેનાર ડાઈનિંગ અને અ લા કાર્ટ રેસ્ટોરન્ટ અડાલજ પેવેલિયનમાં અનેકવિધ ભારતીય અને આંતર રાષ્ટ્રીય વ્યંજનોને માણી શકાશે. આઈટીસી નર્મદામાંથી જિંગ પણ હશે, જે આઈટીસીની સિગ્નેચર ચાઈનિઝ કુઝિન બ્રાન્ડ છે, જ્યારે ફબેલ એ વૈભવી ચોકલેટ બૂટિક છે, જેના મોહપાશમાંથી છૂટવું ખૂબ જ અઘરૂ છે.

ફોર્સથી પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. સેકટરોમાં ઘણાં ઠેકાણે ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જો કે સંભવિત રોગચાળાની સ્થિતિને ડામવા માટે તંત્ર કક્ષાએથી પણ રોજબરોજ સેકટરોમાં પાણીના નમુના લેવાની સંખ્યા વધારી દેવામાં આવી છે. પાણીના નમુનાનુ રોજબરોજ સરકારી પ્રયોગશાળામાં ચકાસણી પણ કરવામાં આવી રહી છે. જયારે પાણીમાં કલોરિનેશન સહીતના તત્વો પુરતા પ્રમાણમાં જળવાય છે કે કેમ તે અંગે પણ સતત મોનિટરીંગ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે નવા સેકટરોમાં પાણી ફોર્સથી સપ્લાય થાય તેવી પણ માંગ પ્રબળ બની છે.

મતદારયાદી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદાર નોંધણી માટે ઓનલાઈન એપ્લીકેશન પર કરી શકાશે.

જિલ્લામાં મતદારોના વેરીફીકેશન દરમ્યાન ૧૧,૨૦૫ જેટલી અરજીઓ અવસાન થવાના કારણે નામ કમી કરવા માટેની મળી હતી.

મળતી વિગતો પ્રમાણે નામ દાખલ કરવા માટે ૭૫૩૯ અરજીઓ ૧૮ થી ૨૯ વર્ષના યુવાઓની મળી હતી જ્યારે ૨૯ વર્ષથી વધુ આયુ ધરાવતા ૩૦૭ જેટલા મતદારોની આવી અરજીઓ મળી હતી.

જિલ્લામાં આ વેરીફીકેશન ઝુંબેશ સફળ રહી હોવાનો દાવો જિલ્લાતંત્રએ કર્યો હતો. આ વખતની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ પણ સફળ રહેશે તેવો વિશ્વાસ તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

વન મહોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પટેલ તેમજ નાયબ વન સંરક્ષક વિવેકકુમાર ટોડકરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ પણ સવારે ૮.૩૦ કલાકે યોજામાં આવ્યો છે.

આ ઉપરાંત સે. ૨૮ જી.આઈ.ડી.સી. ખાતે નમો વડ વનનું નિર્માણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મનપાના દંડક શ્રીમતિ તેજલબેન નાયી તેમજ એન્જી. એસોસીએશન જી.આઈ.ડી.સી.ના પ્રમુખ શૈલેષ પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે.

ગાંધીનગરને ગ્રીનસીટીનું બિરૂદ પાછુ મેળવવાના સંકલ્પ સાથે મિલીયન ટ્રી નું વાવેતર કરવાનો સંકલ્પ મનપાએ કર્યો છે અને તેથી જિલ્લાકક્ષાનો કાર્યક્રમ પણ ગાંધીનગર શહેરમાં જ યોજાઈ રહ્યો છે.

આ અગાઉ ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્ક ખાતે નગરવનના નિર્માણનો આરંભ કરવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં આજે બીજુ નમો વડ વન નિર્માણ કરવામાં આવશે. આ અગાઉ અક્ષરધામ નજીક નમો વડ વન બનાવવાના સંકલ્પ સાથે નમો વડ વનના વૃક્ષોનું વાવેતર કરાયુ હતુ જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર મપાએ બે લાખ જેટલા વૃક્ષો વન વિભાગ પાસેથી ખરીદ્યા છે. હવે બીજા વૃક્ષો તે સ્વેચ્છીક સંગઠ્ઠનો અને જન જાગૃત્તિ અભિયાન તેમજ ઉદ્યોગ ગૃહોના સહયોગથી વાવેતર કરશે. આ માટે તંત્રએ આખો રોડમેપ તૈયાર કરી દીધો હોવાનું મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આ માટે કેટલાક પ્લોટ પણ અલગ તારવવામાં આવ્યા છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે શહેરમાં ઝડપથી હરિયાળી આવે તે માટેના તમામ પ્રયાસો કરવામાં આવશે.

તોતિંગ ડાળીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય છે. તો ક્યારેક વરસાદી સંજોગોમાં પણ આ પ્રકારના જોખમી વૃક્ષો ધરાશાયી થતા આમ નાગરિકોના જીવ સામે જોખમ ઉભુ થાય છે. સેકટરોમાં સુકા વૃક્ષો દુર કરવા માટે ગત દિવસોમાં તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જો કે ઘ-૨ થી ગ-૨ તરફના રૂટમાં બે ચાર જોખમી વૃક્ષો દુર કરીને કામગીરી આટોપી લેવામાં આવી હતી. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ અનેકવૃક્ષો જોખમી હાલતમાં છે. જયારે વૃક્ષોના ટ્રીમીંગ માટેની ફરિયાદોનુ પણ લાંબા સમયથી નિરાકરણ આવતુ નથી. જેના લીધે સેકટરોના મુખ્યમાર્ગો સહીત આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સનુ પુરતુ અજવાળુ પણ માર્ગો પર પથરાતુ નથી તો બીજીતરફ સેકટરોમાં દિશાસુચક બોર્ડની આડે પણ વૃક્ષોની ડાળીઓ લપેટાયેલી જોવા મળે છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા અને સાઈન બોર્ડ માટે આડશ બનેલી વૃક્ષોની ડાળીઓ દુર કરવા ચોમાસા પુર્વે થી જ રજુઆત થઈ રહી છે. પરંતુ વનતંત્ર કક્ષાએથી આ મામલે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. શહેરની ફુટપાથ પણ વૃક્ષોની લટકતી ડાળીઓથી ઘેરાયેલી છે. શહેરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ અનેકવિધ દુવિધાઓથી ઘેરાયેલી છે. જયારે વોક વે ની ઉપર વૃક્ષોની તોતિંગ ડાળીઓ લટકી રહી છે.

બીજીતરફ ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા પણ હજુ દુર કરાયા નથી આ સ્થિતિ વચ્ચે વોકીંગ કરનારાઓની સલામતી સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે. શહેરમાં એકબાજુ વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જયારે વન આરક્ષિત વિસ્તારની સફાઈ અને તુટેલી ફેન્સીંગ મામલે પણ લાંબા સમયથી કોઈ કામગીરી કરવામાં આવી નથી ત્યારે નવા રોપાઓની વાવણી બાદ તેના અસ્તિત્વ સામે પણ ખતરો મંડરાયો છે. સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ મામલે તેમજ જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરમાં એકબાજુ માર્ગ સલામતીને અનુલક્ષી જરૂરી ઠેકાણે સાઈનબોર્ડસ લગાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે નગરના સેન્ટ્રલ વર્જમાં પણ રોપાઓનુ ટ્રીમીંગ ન થતા વાહનચાલકોને વિઝન મળતુ ન હોવાથી કેટલાક ઠેકાણે માર્ગ સલામતી પણ જોખમમાં મુકાઈ છે.

રેવડી કલ્ચર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે, હું કોઈપણ રાજકીય પક્ષની નોંધણી રદ કરવાના મુદ્દામાં જવા માંગતો નથી, કારણ કે તે એક અલોકતાંત્રિક વિચાર છે, આખરે આપણી પાસે લોકશાહી છે.

તેમણે કહ્યું કે, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન અતાર્કિક મફત આપવાનું વચન એ ગંભીર મુદ્દો છે, પરંતુ જો આ અંગેની બંધારણીય સ્થિતિ સ્પષ્ટ ન હોય તો પણ તેઓ વિધાનસભાના ક્ષેત્રમાં અતિક્રમણ કરશે નહીં. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન.વી. રમનાએ કહ્યું કે, કોઈ એવું નથી કહેતું કે, આ કોઈ મુદ્દો નથી. આ એક ગંભીર મુદ્દો છે. કેટલાક લોકો જે મેળવે છે, તે મેળવવાનું ચાલુ રાખવા માંગે છે, કારણ કે આપણી પાસે કલ્યાણકારી રાજ્ય છે. તે જ સમયે કેટલાક કહેશે કે, તેઓ ટેક્સ ચૂકવે છે, અને તેનો ઉપયોગ વિકાસ માટે કરવાનો છે. તેથી આ એક ગંભીર મુદ્દો છે.

બંને વચ્ચે સંતુલન જાળવવું પડે છે, અને તેથી જ તે ચર્ચાનો વિષય છે. કોઈ એક એવો હોવો જોઈએ, જે પોતાની દ્રષ્ટિ અને વિચારોને આગળ કરી શકે. કૃપા કરીને મારી નિવૃત્તિ પહેલાં કેટલાક સૂચનો આપો. ચીફ જસ્ટિસ ૨૬ ઓગસ્ટે નિવૃત્ત થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, વરિષ્ઠ વકીલો દ્વારા કેટલાક સૂચનો આપવામાં આવ્યા છે. તેમણે બાકીના પક્ષકારોને તેમની નિવૃત્તિ પહેલાં જરૂરી પગલાં લેવા જણાવ્યું, અને આ મામલે વધુ સુનાવણી માટે ૧૭ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે.

આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગામના કેટલાક લોકોએ મંજાકોટ વિસ્તારમાં ગમબીર મુગલનમાં એક ગટર પાસે ગ્રેનેડ પડેલો જોયો હતો. જેમણે સ્થાનિક પોલિસને આ અંગે જાણકારી આપી હતી. જે બાદ સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી હતી અને પોલીસ ટીમ અને બોમ્બ સ્કવોડે ઘટનાસ્થળે પહોંચીને વિસ્ફોટકને કબ્જે કરી તેને નિષ્ક્રિય કર્યો હતો. આ પહેલા જમ્મુ કાશ્મીરના બડગામ જીલ્લામાં બુધવારે સુરક્ષા દળો સાથેના એકાઉન્ટરમાં લશ્કર-એ-તૈયબાના ૩ આતંકવાદીઓ ઠાર મરાયા હતા.

દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાખામાં લઈ જવામાં આવી હતી અને તેની ગણતરી કરવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ વાગ્યાથી રોકડની ગણતરી શરૂ થઈ હતી જે રાત્રે લગભગ ૧:૦૦ વાગ્યા સુધી ચાલી હતી.

આઈટીની ટીમને ઘરમાં કંઈ નહોતું મળ્યું પરંતુ શહેરની બહાર ફાર્મહાઉસમાંથી રોકડ, સોનું અને હીરા સહિતના અનેક દસ્તાવેજ મળી આવ્યા હતા.

અગાઉ ઈડીની કાર્યવાહીમાં પશ્ચિમ બંગાળના પૂર્વ મંત્રી પાર્થ ચેટર્જીની નજીકની ગણાતી અર્પિતા મુખર્જીના ઘરેથી આશરે ૫૦ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. તે સિવાય પણ અનેક સંપત્તિઓ ટાંચમાં લેવામાં આવી હતી.

જ્યારે ઉત્તર પ્રદેશના કાનપુરમાં પીયૂષ જૈનના ઘરેથી દરોડા દરમિયાન ૧૯૭ કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા હતા અને કરોડો રૂપિયાનું મૂલ્ય ધરાવતી અન્ય સંપત્તિઓ પણ ટાંચમાં લેવામાં આવી હતી.